**णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स**

**आयओ गुरुबहु माणो**

# યોગ ધારા

## પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજા કૃત

## ધર્મબિન્દુ - અણગાર ધર્મ - પંચમ અધ્યાય

## વાચના ૪૬-૫૦

પ્રિયમ્

= અવતરણમ્ =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

સંવત ૨૦૭૮

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૪૯

ગઈકાલનો પ્રશ્ન બાકી હતો કે સામર્થ્ય યોગ - આજના કાળમાં સંભવિત છે કે નહિ. પ્રશ્નનો જવાબ આપુ એની પહેલા એક વાત એ કહું કે, આપણે ઈચ્છા યોગ, શાસ્ત્ર યોગ સુધી પહોંચી ગયા - ને હવે સામર્થ્ય યોગ મળે એમ છે કે નહિ આવું મે આપણે વિચારતા હોઈએ છીએ તો આપણને નવા પ્રશ્નની જરૂર છે. કેમ કે હજુ ઈચ્છા યોગ - પણ તાત્વિક છે કે નહિ, જેની વ્યાખ્યા કરી,

कर्तुमिच्छोः श्रुतार्थस्य ज्ञानिनोऽपि प्रमादतः ।

પ્રબળ એક ઈચ્છા છે કે મારે નિર્મળ સંયમ - પાળવું, નિર્મળ ચૈત્યવંદન, નિર્મળ પ્રતિક્રમણ, નિર્મળ આયંબિલ, નિર્મળ ઉપવાસ, નિર્મળ ઓળી, નિર્મળ સંયમ જીવન, નિર્મળ સર્વવિરતિનું પાલન મારે કરવું છે. આવી જે તમન્ના અંદરથી જાગે - આનું નામ ઈચ્છા યોગ. શાસ્ત્રે કહેલું ચૈત્યવંદન, પ્રતિક્રમણ, આયંબિલ, ઉપવાસ, દીક્ષા, સંયમ ચર્યા, કોઈ પણ વસ્તુમાં બિલકુલ આઘુ પાછુ ન કરીએ, એ રીતે જ કરીએ

वचसाऽविकलस्तथा ।

જેમાં સંપુર્ણતા સમાઈ ગઈ એનુ નામ શાસ્ત્રયોગ. આપણી પાસે છે કે નહિ, આપણે આપણી જાતને

પુછવું જોઈએ, હું મારા માટે કહું મારામાં શાસ્ત્ર-યોગ નથી. અને ક્યાંક ઈચ્છા યોગમાં પણ કચાશ છે. જો ઈચ્છા યોગ પ્રબળ હોય તો આગળ નહિ તો કાલે શાસ્ત્ર યોગ આવે.

સામર્થ્ય યોગ એટલે શાસ્ત્રની આગળની વાત, શાસ્ત્રની આગળની વાત આવે છે કે નહિ, હવે પ્રશ્ન ઉપર હું આવું છું. શાસ્ત્ર છે ને, એનો અર્થ છે શબ્દ, એના અર્થ છે ઉદ્ગાર, વચન, એનું નામ શાસ્ત્ર. અને દુનિયામાં જેટલું તત્વ છે ને, એ બધુ શબ્દમાં ઢાળી શકાતું નથી! આગમિક પરિભાષામાં તમને કહું, જેને ઢાળી શકાય એને અભિલાપ્ય ભાવ કહેવાય, જેને બોલી શકાય એને અભિલાપ્ય ભાવ કહેવાય, જેને ન ઢાળી શકાય, ન બોલી શકાય, ન લખી શકાય, ન કહી શકાય, ન સમજાવી શકાય, એને અનભિલાપ્ય ભાવ કહેવાય. ભાવનો અર્થ વિચાર-અધ્યવસાય નહિ, ભાવનો અર્થ છે તત્વ! ભાવનો અર્થ છે પદાર્થ, ભાવનો અર્થ છે વિદ્યમાન-વસ્તુ. સંસ્કૃત શબ્દકોષનો આ શબ્દ છે. "ભાવ" સીધો અર્થ થાય, પદાર્થ, વસ્તુ, તત્વ.

અભિલાપ્ય ભાવ કેટલા ને અનભિલાપ્ય ભાવ કેટલા, એની વાત આગમમાં બતાડી,
पण्णवणिज्जा भावा अणंतभागो उ अणभिलप्पाणं।
અનભિલાપ્ય જે ભાવો છે, જે અનંતગણા છે, એમના અનંતમાં ભાગના જ ભાવો અભિલાપ્ય છે, જે અવર્ણનીય, અકથનીય છે. જેને કહેવા જ-શકાય નથી, જે અનંતગણું તત્ત્વ છે. જેને કહી શકાય છે, જે અનંતમા ભાગનું જ તત્ત્વ છે.
पण्णवणिज्जाणं पुण अणंतभागो सुयनिबद्धो ।।
અને જે કહી શકાય એવા અનંતમાં ભાગના ભાવો છે. એમનો અનંતમો ભાગ, જે શ્રુતનિબદ્ધ છે. એટલે શ્રુતમાં દ્વાદશાંગીમાં જે સંપૂર્ણ શ્રુત-આવી ગયું, એ કહી શકાય એવા ભાવોનો અનંતમો ભાગ જ હોય છે, અને કહી શકાય એવા જે TOTAL ભાવો, એ ન કહી શકાય એવા ભાવોનો અનંતમો ભાગ હોય છે. અસત્ કલ્પના થી તમને સમજાવું, SUPPOSE, શ્રુતનિબદ્ધ તત્ત્વ એ સો છે, તો જે કહી શકાય પણ શ્રુત નિબદ્ધ નથી, જે-દ્વાદશાંગીમાં સમાયેલું નથી, એવું તત્ત્વ એ-કેટલું છે ? એને સંખ્યામાં CONVERT કરીએ, તો એ ઈશ્વર છે. અને જે કહી પણ ન શકાય,

એ ભાજ છે. શ્રુતનિબદ્ધ અનંતમો ભાગ, એના કરતા અનંત ગણું તત્વ જે કહી શકાય એવું છે, એના કરતા અનંત ગણું તત્વ જે નથી કહી શકાય- એવું, એટલે શાસ્ત્રથી આગળ જ્યાં આપણે વધીએ છીએ, શબ્દની બહાર જવું, સામર્થ્ય યોગની વાત પછી કરીએ. શબ્દની બહાર જવું, એ આજે શક્ય- છે કે નહિ, એનો જવાબ છે, એ શક્ય છે.
NORMAL જીવનમાં પણ આપણે શબ્દની બહારનું સમજતા હોઈએ છીએ, જે કહી શકાતું નથી, તમે ગોળ ખાધો કોઈ એ પુછ્યું કેવો તમે કહ્યું ગળ્યો એ કહે ગળ્યો પણ આમ કેવો, તમે કહો મીઠો- મીઠો, એ કહે પણ કેવો, તમે કહો એકદમ- SWEET, પણ જે પુછે છે આમ કેવું લાગે, અને તમે ચુપ થઈ જાવ છો, કારણકે અનભિલાપ્ય- ભાવ છે, એને તમે અનુભવો છો, આને તમે કહી શકતા નથી.

હવે સામર્થ્ય યોગની વાત કરું, શાસ્ત્ર યોગ, ભગવાને કહેલી ક્રિયા, ચર્યા, આરા- ધના, તપસ્યા, તે તે અનુષ્ઠાન, એને તમે- બરાબર ભગવાને કહ્યું એ મુજબ કર્યું, એટલે- શાસ્ત્ર યોગ થઈ ગયો!

જેથી તમારી વિશુદ્ધિ વધી, જેની તમારી - અનુભૂતિ વધી, જેનાથી તમારા આત્માની - પરિણતિ ની નિર્મળતા વધી. એટલે તમે સામર્થ્ય - યોગના રસ્તે આગળ.. આગળ.. આગળ.. આગળ નથી જઈ શક્યા. હવે આ સામર્થ્ય યોગ, જે - કેવળજ્ઞાન અપાવે, જે મોક્ષ અપાવે, જે અંતર્મુહુર્ત માં ક્ષપકશ્રેણિ આપે છે, એ સામર્થ્ય યોગ - આજે નથી. પણ સાતમા ગુણસ્થાનક પ્રાયોગ્ય, જે અનભિલાપ્ય ભાવો, જે પરિણતિ ની નિર્મળતા, જે આત્માનો અનુભવ, જે જિનશાસનના - કહેલા અનુષ્ઠાનને આચરવાથી, પ્રગટતી પરિણતિ નો અનુભવ, એ અનુભવ આજે પણ છે. બીજુ - રીતે ખ્યાલ આવુ, સામર્થ્ય યોગ એને એ - અનુભવ સ્વરૂપ ગણો, તો જ્ઞાન સાર અષ્ટકની અંદર, અનુભવાષ્ટકમાં, મહોપાધ્યાય શ્રી યશો - વિજયજી મહારાજે, આનુ વર્ણન કર્યું છે.

सन्ध्येव दिनरात्रिभ्यां केवलश्रुतयोः पृथक् ।

જે સંધ્યા, એટલે કે સાંજ, એ કેવળજ્ઞાન અને શ્રુત જ્ઞાન, એ બંને દિવસ અને રાત સમજો. સાંજ જેમ દિવસ પણ નથી, સાંજ જેમ રાત પણ નથી, ~~ખરેખર~~ સાંજ એ બંનેની વચ્ચેનું અલગ જ - - તત્વ છે.

બરાબર એ જ રીતે, અનુભવ જ્ઞાન, એ શ્રુતજ્ઞાન પણ નથી, એટલે કે શાસ્ત્રજ્ઞાન પણ નથી. અને એ કેવળજ્ઞાન પણ નથી. અનુભવ શું છે ? ઉપાધ્યાય યશોવિજયજી મહારાજના શબ્દોમાં,

केवलार्कारुणोदयः।

કેવળજ્ઞાન રૂપી સુરજ ઉગવાનો હોય, હજુ ઉગ્યો-નથી. સાડા છ નો ધારોકે સુર્યોદય છે, છ વાગ્યા-થી ધીમે ધીમે પોહ ફાટ્યો છે, અજવાળુ થવા-લાગ્યું છે, જેને આપણે અરુણોદય કહીએ છીએ, સુરજ આવ્યો નથી, પણ સુરજના આવવાના એંધાણ છે. સુરજના આવવાના અણસાર છે. સુરજ-આવ્યા પહેલા, સુરજ આવવાનો છે એ કારણથી-જ અજવાળુ થાય છે, જેકે મતનું સુરજનું જ-REFLECTION હોય છે, અને જે અજવાળુ જેને આપણે અરુણોદય કહીએ, તેના જેવો આ-અનુભવ હોય છે, જેને આત્માનુભૂતિ કહો, જેને અનુભવ જ્ઞાન કહો, જેને અવર્ણનીય જ્ઞાન કહો, જેને અત્યંત ઉચ્ચ કક્ષાની પરિણતિ કહો, એ આ-અનુભવ છે. અને એ અનુભવ ને સામર્થ્યય-યોગમાં, અમુક અપેક્ષાએ અંતર્લીન કહી શકાય.

शास्त्रसन्दर्शितोपायः तदतिक्रान्तगोचरः।

જે ઉપાય શાસ્ત્રો બતાડ્યા, તે શાસ્ત્રથી પણ આગળ વધીને, જે એ દિશામાં આગળ વધીને અનુભવવા મળે, જોવા મળે, માણવા મળે, આપણી ભાષામાં તમે એ રસ્તે આગળ વધો પછી દેખાય છે. એ રસ્તો જેણે દેખાડ્યો એણે ય એ પ્રદેશ નથી જોયો, અથવા એ એ પ્રદેશની વાત નથી કરતી, તમે આગળ જાવ પછી મળે, એ રીતે શાસ્ત્ર દીશા બતાડે, એ દિશામાં તમે આગળ જાવ, અમુક અંશે સામર્થ્ય યોગ જ્યારે પણ શક્ય છે, આગળનો ઉચ્ચતર સામર્થ્ય યોગ, જે કેવળજ્ઞાનનું અમોઘ કારણ બને, એ આ ભવમાં શક્ય નથી, કેવું આ બાબતમાં ઘણું માણવા જેવું છે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ !

17.10.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૪૭

ધર્મ બિંદુ ગ્રંથમાં પૂજ્ય હરીભદ્ર સૂરી મહારાજા,
પાંચમા અધ્યાય ના પાંચમાં સુત્રમાં કહે છે.

सदाज्ञाकरणम् ।

પૂજ્ય પદ્મવિજયજી મહારાજ, દવા લઈ રહ્યા છે, દવા-ઉંધી પડી રહી છે, તકલીફ વધી રહી છે, અને પૂજ્યશ્રી શિષ્યો, સાધુઓ, સંઘના કહેવા છતાંએ દવા છોડવા તૈયાર નથી, તકલીફ વધી રહી છે, છતા, દવા લેવાનું ચાલુ છે. કારણકે ગુરુ મહારાજ કહીને ગયા છે.

આપણી પાસે ઘણી બધી દલીલો છે કે સાહેબ આવુ બધુ આજ્ઞા પાલન બરાબર ના-કહેવાય. આને જડતા કહેવાય, આને વક્રતા કહેવાય, આને અપરિણત પણું કહેવાય, આને ના સમજપણું કહેવાય, આપણે ઘણા સમજદાર છીએ. આપણે બધુ સમજીને કરીએ. અને આપણે બધુ સમજીને કરીએ એટલે આપણે બધુ આપણી સમજ મુજબ કરીએ, આપણે ગુરુનું કહ્યું ના કરીએ. પ્રશ્નો ઘણા બધા ઉઠાવી શકાય કે સાહેબ, ગુરુનો-આશય હતો, એમને શાતા પહોંચાડવાનો ને-અશાતા થઈ રહી છે, તો પછી એ વસ્તુ ન-

Vedanta
READ | WRITE | GROW

માનવાની હોય એ બહુ SIMPLE વાત છે. આટલું સાદિ સમજ્યા નહિ ને તમે પાછા પાટ ઉપરથી ઉદાહરણ આપો, કે ભાઈ આવી આવી રીતે પૂજ્યશ્રી એ દવા ચાલુ રાખી, આ બધુ અમને સમજાતુ નથી. હું કહું છું કે જ્યાં સુધી આપણને સમજાશે નહિ, ત્યાં સુધી કદાચ આપણે શ્રીજી નહિ થાય.

## ગોરા ગુરુ એ કર્યું વાત પુરી થઈ!

કદાચ, એક દ્રષ્ટિકોણથી એમ કહ્યું કે ભાઈ શાતા માટે લાગે, આરોગ્ય માટે કર્યુ, સ્વાસ્થ્ય માટે કર્યું, રોગ ઉપશમ માટે કર્યું, અને આપણને ખબર છે કે અત્યારે ગુરુ મહારાજ હોય તો પ્રાય: દવા બંધ કરાવે, તો આપણે બંધ કરીએ, એમાં કશું ખોટું નથી. કદાચ આપણને લાગે, હું તમને કહુ છુ, આવી બધી સમજદારી ન હોવાથી એ દવાને પકડી રાખવામાં આવે, એ પણ આપણી જ સમજદારી, હકીકતમાં છે કે નહિ એ ભગવાન જાણે. એમાં આત્માને નુકશાન કેટલું ? અને આપણી બુધ્ધિ સતર્ક હોય, ACTIVE હોય, તર્ક શક્તિ સારી હોય, જે સીધુ ખોટું હસને સમજાતુ હોય, ગુરુનુ-

કહેલું, એ પણ આપણને ન સમજાતુ હોય, જેમાં આત્માને નુકશાન કેટલું છે.

કદાચ પૂજ્યશ્રી ને માથાનો દુખાવો વધ્યો, તકલીફ વધી, આટલું પણ એમનું જે - આંધળુ ગુરુ સમર્પણ, એમની જે નિર્વિકલ્પતા, એમનું જે TOTAL DEDICATION, એનાથી એમના આત્માને જે લાભ થયો, આપણી - સમજદારી, તર્કશક્તિ, બુધ્ધિ પ્રતિભાથી, - આપણા આત્માને લાભ થવાનો નથી છે.

રઘુવંશની અંદર મહાકવિ કાલિદાસ - કહે છે,

आज्ञा गुरुणां ह्यविचारणीया ।

ગુરુની આજ્ઞા કદી વિચાર, વિકલ્પ કરવા યોગ્ય હોતી - નથી, ગુરુની આજ્ઞા માત્ર ને માત્ર, અમલ કરવા યોગ્ય હોય છે. ધર્માચાર્ય બહુમાન કુલકમાં પૂજ્ય - રત્નસિંહસૂરીજી મહારાજ, બહુ સ્પષ્ટ શબ્દોમાં કહે છે.

जुत्तं चिय गुरुवयणं अहव अजुत्तं होज्ज दइवाओ ।

ગુરુ નુ વચન જે છે એ ઉચિત જ હોય, અને કદાચ ક્યારે ભવિતવ્યતા, ભાગ્ય, ક્ષયોપશમ જેવું -

ક્યારેક બને કે ગુરુ એ અનાભોગથી આજ્ઞા કરી, છદ્મસ્થ છે. BY CHANCE ORDER થઈ ગયો, અને, એમાં કાંઈક આઘુપાછુ પણ કહેવાઈ ગયું, કદાચ એમાં કાંઈ ખોટું પણ કહેવાઈ ગયું.

तहवि उ एअं तीत्थं जं हुज्जा तं पि कल्लाणं

ધર્માચાર્ય બહુમાન કુલક નામની પ્રાચીન ગ્રંથ, સ્પષ્ટ કહે છે. ગુરુ એ સાચું કર્યું હોય એ પણ તીર્થ છે. ગુરુનો ભાવ નથી ખોટુ કહેવાનો, પણ છદ્મસ્થતાને કારણે, અનાભોગ ના કારણે, ભુલથી, શરત ચુકથી, સમજ ફેરથી, ગુરુ દ્વારા આપણને ખોટી પણ આજ્ઞા થઈ ગઈ. એ પણ તીર્થ છે. અને એના પાલનથી, શિષ્યનું કલ્યાણ સીવાય બીજું કશું જ થવાનું નથી.

जं हुज्जा तं पि कल्लाणं

ધર્માચાર્ય બહુમાન કુલક બહુ સ્પષ્ટ કહે છે.

जुत्ताजुत्तवियारो गुरुआणाए ण जुज्जए काउं ।

ગુરુની આજ્ઞામાં, યુક્ત કે અયુક્ત વિચાર કરવો, એ ઉચિત જ નથી. તમે વિચાર કરો છો એ જ અયુક્ત છે એ જ અનુચિત છે, તો પછી ગુરુના કથા-ઉચિત ની તમે વાત માંડો છો.

दइवाओ मंगुलं पुण जइ हुज्जा तं पि कल्लाणं

કદાચ અનુચિત કોઈ ભવિતવ્યતાના કારણે કહેવાઈ ગયું હશે, તો પણ એનાથી શિષ્યનું કલ્યાણ જ થવાનું છે.

सदाज्ञाकरणम् ।

આપણે જ્યારે સાચા ખોટાની ભાંજગડમાં પડીએ છીએ તો, ત્યારે પ્રથમ: કરીને આપણું સાચુ પણ ન માનવાનું જ એક અંત:કરણનું તત્વ હોય છે, વ્યવસાય હોય છે, જ્યારે એમની આ વાત ખોટી લાગે આ વાત કેવી રીતે કરાય, આમ તો આમ થાય, આવુ જ્યારે આપણે માનીએ, ત્યારે હકીકતમાં ગુરુની સાચી પણ વાત માનવાની આપણી હાલત જ હોતી નથી.

जं हुज्जा तं पि कल्लाणं ।

જેની આ દ્રષ્ટિ ઘડાઈ ગઈ, સાચા ખોટાના વિભાગ કરવા, ઉચિત અનઉચિતના વિભાગો કરવા, જેની આ જ દ્રષ્ટિ ઘડાઈ એ સમર્પણ કઈ રીતે કેળવી શકશે? મા એ દૂધ આપ્યું છે હવે એ દૂધનું LABORATARY TESTING ના કરાવવાનું હોય, ઝેર નાખ્યું છે, નથી નાખ્યું ના જોવાનું હોય, કદાચ તમે ગુરુની એક વાર પરીક્ષા કરી કે એ બરાબર છે. તમે ક્યાં સુધી પરીક્ષા કરશો.

તમે દરેક આદેશમાં ગુરુની પરીક્ષા કરી રહ્યા છો ?
જેટલા આદેશની પરીક્ષા છે, એટલી ગુરુની પરીક્ષા-
છે. ગુરુ કરતા પહેલા તમે ઈશ્વર વાર પરીક્ષા કરી,
કંઈ જ વાંધો નથી. એક વાર તમે ગુરુ કરી-
લીધા, અને હવે તમે એના દરેક વચનમાં વિચાર-
કરો, દરેક આદેશમાં વિચાર કરો, પરીક્ષણ-
નિરીક્ષણ કરો, વિચાર, વિશ્લેષણ કરો, -
LABORATARY TESTING ની જેમ તમે ગુરુનું
વચન, તમારી મગજની LABORATARY માં મોકલી
દો, એનું પૃથક્કરણ કરાવો આ તમારી સમજ-
દારી છે, કે પછી આ બુદ્ધિ અસમર્પણ છે,
સ્વછંદતા છે, અને

## શિષ્યત્વ નો અંશ છે !

એક કવિએ બહુ મર્મની વાત કરી છે.

"મેં નદી ને કાંઠે દીધાં, તણ તપાસ્યું
માટે જ જળ બધુ ખારું થયું છે !"

આપણે આખી જીંદગી તણ તપાસતા રહીએ છીએ,

Vedanta
READ | WRITE | GROW

ગુરુ તો એમના ગુણોથી તરી જવાના, ગુરુ-એમની આરાધનાથી મોક્ષે પહોંચી જવાના, એમના નિઃસ્વાર્થ વાત્સલ્ય, એમની કરુણા, એનાથી ગુરુનો ઉધ્ધાર થઈ જવાનો, પણ આપણો આત્મા, આ બધું ઉચિત-અનુચિત, સાચુ ખોટું, આગળ-વધીને ગમે ન ગમે, ફાવે ન ફાવે, વગેરેની ભાંજગડમાં પડીને, મળેલા ગુરુનું સૌભાગ્ય-ગુમાવી ને, ભવ ભ્રમણની વારે થઈ જવાનો.

સભાનો પ્રશ્ન :- પારસમણિ નો સ્પર્શ થઈ ગય-તો ફેરફાર થઈ ગયને ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- લૌકિક પારસમણિ છે, એનો લૌકિક સ્પર્શ પુરતો છે, ગુરુ આધ્યાત્મિક પારસમણિ છે, એમનો-આધ્યાત્મિક સ્પર્શ જરૂરી છે, ગોશાળાને પારસમણિ મળ્યા, પણ એણે માત્ર લૌકિક-સ્પર્શ લીધો, માટે એનું કલ્યાણ ના થયું. અને હકીકતમાં જોઈએ, સુક્ષ્મ દ્રષ્ટિ એ જોઈએ, તો ગોશાળાને ભગવાન મળ્યા સુધ્ધા ન હતા. એણે ભગવાનને જોયા સુધ્ધા ન હતા.

કારણકે ભગવાનમાં એમને ભગવાન લાગતા જ નહોતા, માટે જ એમને ભગવાન સાથે વાંધા વચકા હતા, અભિપ્રાય ભેદો હતા, આગ્રહો હતા, અને છેવટે એ સામસામે આવી ને ઉભા રહ્યા.

પદ્મવિજયજી મહારાજ, બસ એક જ ભાવ છે, મારા ગુરુએ કહ્યું વાત પુરી થઈ ગઈ.

## ગુરુ બોલ્યા, ભગવાન બોલ્યા !

આપણે આપણાથી પચ્ચીસ, પચાસ વર્ષ ઉંમરમાં મોટા, પચાસ-સિત્તેર વર્ષના સંયમ પર્યાય વાળા, આપણે ગૃહસ્થ, અથવા આપણે નાના પર્યાયમાં-ને એ મોટા પર્યાયમાં, આચાર્ય કે ગચ્છાધિપતિ, ગુરુ, એમના પ્રત્યે સમર્પણ રાખી શકતા હોતા-નથી. પદ્મ વિજયજી મહારાજ, એટલે ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજના સગા નાના ભાઈ, સહુ-દીક્ષીત, પહેલા શિષ્ય, અને અપેક્ષા એ એમના-કરતા વધુ જ્ઞાનાભ્યાસ કરનારા હતા. હજુ આગળ વધીને, પાલીની અંદર પ્રેમસૂરીશ્વરજી મહારાજનું ચોમાસુ છે, વિશાળ પરિવાર છે, શ્રાવક છે, એ

સમયે ભાનુવિજયજી મહારાજ પાસે ગયા છે, બેઠા છે, નામ છે પારસમલજી. એમે એમની બેયા છે. અમારા પાલીના ચોમાસામાં રોજ એ આવતા-હતા, ગુરુદેવ મહાત્માઓ ને કહેતા હતા એમના અનુભવ લો, એમની પાસે બેસાડતા હતા. અને એ પારસમલજી એ ગુરુદેવ ની વાત કરી, કે પ્રેમસૂરીજી મહારાજના ચોમાસામાં, ભાનુવિજયજી મહારાજ પાસે હું બેઠો હતો, એમણે મને-આંગળી કરીને બતાડ્યા કે, આ પદ્મવિજયજી-મહારાજ સામે બેઠા છે, એ મારા શિષ્ય છે, પણ મારા કરતા પણ સો ગણા વધારે આગળ છે.

પ્રેમસૂરીશ્વરજી મહારાજ પોતે-સ્પષ્ટ બોલ્યા છે કે, મારા બધા શિષ્યો જ્ઞાન-દાન છે, આરાધક છે, પણ એ બધા શિષ્યો, એ સમયે ત્રણસો-ચારસો શિષ્યો, આ બધામાં-મારા અંતરમાં કોઈ વધારે વસ્યા હોય તો એ બે મહાત્મા છે, એક રજિતવિજયજી મહારાજ, અને બીજા પદ્મવિજયજી મહારાજ. એ પદ્મવિજયજી મહારાજ, જેમનો કાળધર્મ થયો, અને પ્રેમસૂરી-શ્વરજી મહારાજના મુખમાંથી શબ્દો નીકળી પડ્યા,

મારો જમણો હાથ ગયો. આવા પદ્મવિજયજી -
મહારાજ, જેમને પ્રેમસૂરીશ્વરજી મહારાજ બધા શિષ્યો-
માં નંબર ONE આપતા હોય, એ પદ્મવિજયજી
મહારાજ, એમની નમ્રતા કેવી!
એમનું સમર્પણ કેવું!
જેમની ગુર્વાજ્ઞામાં નિર્વિકલ્પતા કેટલી! અને
આપણા કોઈ આરાધનાના ઠેકાણા ના હોય, -
પરિણતિ ના, જીવનના ઠેકાણા ના હોય, અને આપણે
વિચાર- વિકલ્પ કરીએ, તો એ ક્યાં? અને -
આપણે ક્યાં?

કેવું આ બધી વાતનું CONCLUSION
તમે કદાચ એમ લઈ શકો, કે આમ તો એ દવા
છોડી જ દેવી જોઈતી હતી, પણ છતા આવું -
એમનું સમર્પણ હતું, આટલો પદાર્થ આપણે લઈ
જઈએ, કેવું ભૂલ થાય છે. બની શકે કોઈ -
દવાનું REVERSE ACTION હોય, REVERSE-
EFFECT હોય, બની શકે વૈદ ગુરુદેવને કહી
દીધું કે ભાઈ પહેલા બહુ ઉંધી પડશે, તકલીફ
પડશે, આવું જ આ દવાનું વીર્ય છે, એની -
શક્તિ એવી છે, EFFECT એવી છે, અને પછી

17.10.2021

પછતા પાણી થશે, ને રોગ મુળમાંથી જતો રહેશે,
આવુ ધારીને વૈદે કહ્યું હોય, એને આપણે -
વિચારીએ કે આમ તો છોડી જ દેવા જેવી છે, છોડીજ
દો ને - છોડી જ દઈએ તો પણ ભુલ છે.
આપણે વિચારીએ કે આમ તો છોડી જ દેવા-
જેવી છે પણ ગુરુની ભુલ થઈ તો થઈ, આપણે
આજ્ઞાને પકડી રાખવાની, તો પણ ભુલ છે.
વાત સમજાઈ ?

બહુ હોંશિયારી, બહુ તાર્કિક શક્તિ,
સમર્પણમાં બાધક છે. સમર્પણ અધુરુ રહેશે,
તો શ્રાવક જીવન એને સયમ જીવન અધુરુ-
રહેશે, આરાધના થશે નહિ, મોક્ષ થશે નહિ,
હરીભદ્ર સૂરી મહારાજ માટે જ કહે છે,
सद्वाक्यकरणम् ।
એના માટે પ્રયાસ કરીએ, આજે સમય થયો છે,
બાકી આવતું રાખીએ.

× × × × ×

19.10.2021

# ધર્મ બિંદુ ગ્રંથ- વાચના- ૪૮

પૂજ્ય હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ, ધર્મ બિંદુના અણગાર ધર્મ ની અંતર્ગત પાંચમાં અધ્યાયમાં, પાંચમા સૂત્રમાં કહે છે.

સદાજ્ઞાકરણમ્ ।

એ પદ્મવિજયજી મહારાજ એકવા જે થવા નથી, સહન કરવા તૈયાર છે, ગુરુ આજ્ઞા છોડવા તૈયાર- નથી. સંઘના અમુક શ્રાવકો દોડે છે, પ્રેમ- સૂરીશ્વરજી મહારાજ છ'રી પાલીત સંઘ યાત્રામાં- જ્યાં પહોંચ્યા હતા, ત્યાં જઈને, એમનો પત્ર લઈને આવે છે, પ્રેમસૂરીશ્વરજી મહારાજ, ભાનુ- વિજયજી મહારાજ ORDER આપે છે કે ભાઈ- એ દવા ઉંધી પડી છે તો, તમે રહેવા દો, એ પત્ર પૂજ્યશ્રીના હાથમાં આપે છે. અને પછી એ દવા છોડે છે.

આપણો મોટો જડ ઉર છે કે, નક્કી છે એનું જડ સીધુ-સાદુ, આપણે આપણને એનુ કૃથિની તો એ આરજુ જ છે. ગુરુ આજ્ઞા આપણ- ની રમત લાગે છે, ફાલતી લાગે છે, કાયદો- લાગે છે, ફરજીયાત કાયદો લાગે છે, મરવુ સહેલું લાગે, ગુરુ આજ્ઞાનો ભંગ અંઘરો લાગે,

આ ભૂમિકા છે, આપણે આ વિકલ્પોમાંથી આપણી મન ને પુછીએ, રમત લાગે છે તો સંસાર ઘણો-બાકી છે. ગુરુ મહારાજ વ્યાખ્યાનમાં આમ બોલ્યા, ગુરુ મહારાજ વાચનામાં આમ બોલ્યા, ગુરુ-મહારાજે મને આવી વાત કરી, વાત બધી પતી-ગઈ છે, હવે એમાં વિચારનો પણ અવકાશ નથી, ચર્ચા નો પણ અવકાશ નથી, ફાવશે-ન ફાવશે નો પણ અવકાશ નથી, આ ભૂમિકા આપણી હોય, તો સમજી લેવું કે આપણો મોક્ષ હાથવેંતમાં છે, રમત જેવું લાગે, સમજી લો હજુ કદાચ અનંત-કાળ ભટકવાનું બાકી છે. ફાવતી લાગે સમજી લો હજુ દિલ્હી બહુ દૂર છે, કાયદો લાગે સમજી લો હજુ આપણી વાર છે. ફરજીયાત કાયદો લાગે સમજી લો, હજુ ઘણી મહેનત કરવાની છે.

મીઠું મધુરું લાગે ને આજ્ઞા ભંગ ઝેર લાગે,

સમજી લો હવે મોક્ષ હાથવેંતમાં છે. ખુબ સરસ-મઝાની વાત ઉપનિષદોની બહાર કરી,

एकमेव कृत येन स कृतार्थो भवेदसौ ।

એક ગર્ભિત સંકેત, એક રહસ્ય મય વાક્ય, -

ઉપનિષદો કહે છે, અને આગમ દ્રષ્ટિએ એમ જોવામાં આવે, ઉપનિષદનું વાક્ય છે, જેણે એક જ કર્યું એ કૃતાર્થ થઈ ગયા, ધન્ય થઈ ગયા, કૃતકૃત્ય થઈ ગયા, એમણે કશું કરવાનું બાકી નથી. આગમ દ્રષ્ટિએ આ વાક્યને જોઈએ, જેણે ગુરુ આજ્ઞા પાલન કર્યું એ કૃતકૃત્ય થયા. કૃતાર્થ થયા, કશું કરવાનું બાકી નથી જેણે ગુરુ આજ્ઞા પાલન કર્યું - એણે બધું જ કર્યું. જેણે ગુરુ આજ્ઞા પાલન નથી કર્યું એણે કશું - નથી કર્યું. એનું બધું જ કરવાનું બાકી છે, આપણને લાગે આપણે આટલું બધું કર્યું, આપણી રુચિ હોય છે, કોઈ નિકટની વ્યક્તિ મળી, કોઈક દિલ જોવાનો અવસર મળ્યો, આપણે સંયમ જીવનમાં કેવું કેવું કર્યું, કેવું કેવું ભણ્યા, કેવી કેવી આરાધના કરી, અમારાતો આવા આવા - નિયમો છે, અમે આવું આવું પાળીએ, અમે આટલું કરીએ - આટલું કરીએ - આટલું - કરીએ, આટલું કર્યું... ગૃહસ્થોની રુચિ હોય, મેં અહિંયા આટલો લાભ લીધો - આટલા - દાન આપ્યા, આટલા ભણાવ્યા, અહિંયા ભગવાનનો લાભ મળી ગયો, હવે - ગુરુ - કૃપાથી આ લાભ મળી -

ગયો, આ લાભ મળી ગયો, આ લાભ મળી ગયો,
સાચી સાચી આપણે હવે ગુરુ કૃપા બોલતા રહીએ.
એટલે એવું ન લાગે કે આત્મપ્રશંસા થઈ રહી છે,
પણ આપણી આ કર્તૃત્વ ભાવના, આપણી આ-
અહમ ની ભાવના, એવી સંવેદના, એનું મોટું
LIST, એની સુચિ, આ માણસને બિલકુલ-
સમય હોતો નથી, પણ પોતાના વખાણ સાંભળવાનો
અને પોતાના વખાણ કરવાનો પુરતો સમય હોય છે.
અને મેં આટલું કર્યું.. કર્યું.. કર્યું.. કર્યું..
કર્યું.. એનું આટલું લાંબુ LIST હોય, એમાં
ગુરુ આજ્ઞા પાલન શબ્દ રહી ગયો હોય, ત્યારે
જ્ઞાની ઓની દ્રષ્ટિમાં બાકીનું બધું પણ રહી જ
ગયું હોય છે, જે આપણને સમજાતું નથી.

કદાચ આપણે કર્યું પણ ખરું,
પચ્ચીસ વાર કર્યું, એક વાર નથી કર્યું, જે નથી-
કર્યું એનાથી પચ્ચીસ વાર કરેલું પણ રદબાતલ-
થશે, પચ્ચીસ વાર કર્યું એ પણ મનને પુછો ની
કર્યું એ સાબીત થશે. સ્વચ્છંદતા પુરવાર થશે.
શેષ ધર્મ આરાધના પણ નિષ્ફળ પુરવાર થશે,
આનો વિચાર આપણને આવ્યો ખરો !

હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

सदाज्ञाकरणम् ।

હરીભદ્રસૂરી મહારાજ એમ નથી કહેતા. આજ્ઞા-કરણ કરમે, આજ્ઞાપાલન કરમે, હરીભદ્રસૂરી મહારાજ એક શબ્દ ઉમેરે છે,

सदाज्ञाकरणम् ।

સદનો અર્થ છે નિર્વિકલ્પ પણું. પદ્મવિજયજી-મહારાજ બુધ્ધિની કાયી હલાવતા નથી, વિકલ્પો કરતા નથી, વિચારો નથી કરતા, ગમ્યું તો માનવું, ન ગમ્યું તો ન માનવું, આવું પણ નથી, માન્યા પછી, ફાવ્યું તો ચાલુ રાખવું, નહિ તો મુકી દેવું, આવું પણ નથી,

सदाज्ञाकरणम् ।

કોઈ પણ પરિસ્થિતિની અંદર કોઈ પણ વિકલ્પ-વિના, ચાલુ કરવું એટલે જ નહિ, ગુરુ ની-બીજી આજ્ઞા ન આવે ત્યાં સુધી, ટકાવી જ-રાખવું, ચાલુ જ રાખવું, બિલકુલ આઘા પાછા-થવું નહિ, આઘા પાછા થવાનો વિચાર સુધ્ધા-ન કરવો, આનું નામ,

सदाज्ञाकरणम्

સભાનો પ્રશ્ન :- સદ્ આજ્ઞા કરણમાં સદનો અર્થ

સમ્યગ્ એવો ન થાય ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- સમ્યગ્ નો અર્થ જ આ- છે, નિર્વિકલ્પતા. અને કોઈ પણ સૂત્રનો અર્થ જે બીજા સૂત્રો, બીજા શાસ્ત્રો એની સાથે, લઈને જ એનો સમ્યગ્ અર્થ થઈ-શકે. અને ત્યારે બીજા શાસ્ત્રો કહે છે,

जुत्ताजुत्तवियारो गुरुआणाए ण जुज्जइ काउं ।

ધર્માચાર્ય બહુમાન કુલક કહે છે કે ઉચિત કે અનુચિત નો વિચાર ગુરુ આજ્ઞામાં કરાય જ નહિ. આગળ વધીને આચારાંગ સૂત્ર કહે છે,

तद्दिट्ठी

તમે ગુરુની આંખે જ જોજો.

तस्सन्नी

તમે ગુરુના મનથી જ વિચારજો. દસવૈકાલિક-આગમ કહે છે,

जहाहिअग्गी जलणं नमंसे णाणाहुईमंतपयाभिसित्तं ।

બ્રાહ્મણ જેમ અગ્નિ ની ઉપાસના કરે, એવી તમે ગુરુની ઉપાસના કરજો.

कालं छंदोवयारं च पडिलेहित्ताण हेउहिं ।

કાળ જોજો, ગુરુની ઈચ્છા જોજો, ઉપચાર જોજો,

ઉપાય શોધો. એ રીતે કરશો. ગુરુની સાઈડથી-
વિચારશો. તમારી સાઈડથી નહિ વિચારતા,
સુત્ર કૃતાંગ આગમ કહે છે,

તમે ગુરુની ઈચ્છા ને અનુસાર વર્તો. તો તમારી
મોક્ષ થશે. આવા અનેકાનેક આગમો જ્યારે-
સાક્ષી પુરે છે. ત્યારે,

सदाज्ञाकरणम्

મા,

सम्यग् - आज्ञाकरणम्

આ Full Form થયા પછી પણ સમ્યગ ની-
વ્યાખ્યા શું થશે, નિર્વિકલ્પ પણે, ગુરુની આજ્ઞા
નું પાલન ! આપણી ભુલ આ જ છે કે-
આપણે સમ્યગ ની અર્થ જુદો કરીએ છીએ,
આપણને ફાવે જે સમ્યગ એ રીતે ગુરુની-
આજ્ઞા પાળવી, એ,

सदाज्ञाकरणम्

માટે આપણું ડહાપણું પડતું નથી. હરીભદ્રસુરી-
મહારાજ આગળ વધે છે, સુત્ર નંબર છ,

विधिना प्रवृत्तिः ।

જે પણ સંયમ થયા છો, તમે દીક્ષા લઈ લીધી,

કેવી, કેવી રીતે પ્રવૃત્તિ કરવાની, કહ્યું કે વિધિમાં પ્રવૃત્તિ વિધિપુર્વક કરવાની. ધર્મરત્ન પ્રકરણની અંદર શાંતિસૂરી મહારાજ, કહે છે. કે,

આસન્નસિદ્ધીયાણં ।

જે આસન્ન સિધ્ધિક હોય, જે નજીક ના કાળની અંદર મોક્ષે જવાના હોય, એને વિધિ બહુમાન હોય.

અભવ્વ દૂરભવ્વાણં ।

જે અભવ્ય ને, દુર્લભ્ય હોય, એ વિધિને ઓળંગી ને મનમાની રીતે, તે તે ધર્મ પ્રવૃત્તિ કરે. એજ સામાયિક, એ જ ચૈત્યવંદન, એજ પુજા, એ જ પ્રવચન શ્રવણ, વિધિથી પણ થઈ શકે, અવિધિથી પણ થઈ શકે. અનાદરથી થઈ શકે, આદરથી-થઈ શકે. મુદ્રા શુધ્ધિપુર્વક થઈ શકે, જે તે-મુદ્રાથી થઈ શકે. એકાગ્રતા પુર્વક થઈ શકે, આજુ બાજુ જોતા, મનમાં ડાયરા ભોલતા, ડાફોળિયા-મારતા પણ થઈ શકે. એ જ સંયમ જીવન, એ જ કામે લેવાની પ્રક્રિયા, વિધિપુર્વક કરી શકાય, એક-અક્ષર અંદર બોલવાનો નથી, વચ્ચે વાત પણ કરી લીધી, બોલી પણ લીધું, ઈરિયાવહિ તુટીએ ગઈ-બીજી વાર કરી પણ નહિ, એમને એમ પડિલેહણ-

Vedanta READ | WRITE | GROW

ઉભે ચાલુ રાખ્યો, આ અવિધિથી કર્યું કહેવાય.
ગોચરી જવાનું છે, વિધિપૂર્વક જવાનું છે, ભક્તિ-
કરાવવાની છે, વિધિપુર્વક કરાવવાની છે, સ્વાધ્યાય
કરવાનો છે વિધિ પુર્વક કરવાનો છે. ગોચરી-
વાપરવાની છે, વિધિપુર્વક કરવાનું છે, પ્રતિક્રમણ-
કરવાનું છે, વિધિપુર્વક કરવાનું છે.

विधिना प्रवृत्ति:

જેટલુ જેટલુ વિધિ પ્રત્યે બહુમાન છે, એટલી ક્રિયા-
શુધ્ધ છે. એટલુ ભગવાનની આજ્ઞા માટેનું બહુમાન
છે. અને એટલી પરિણતિની નિર્મળતા છે,
એટલો તો યોગ, જે મોક્ષની વધારે નજીક લાવે છે.
યોગ શતકમાં હરીભદ્ર સુરી મહારાજ, એક બહુ
જબરદસ્ત પદાર્થની વાત કરી છે, પદાર્થ છે-
ઉપયોગ! આપણા માટે ઉપયોગ, GENERAL-
ભાષામાં USE, વાપરવું, હરીભદ્રસુરી મહારાજ
કહે છે, એ અર્થ નથી, આપણે થોડું શાસ્ત્ર-
સમજ્યા હોઈએ, ભણ્યું હશે, આપણે કહેશું-
ઉપયોગ એટલે વિચાર. ઉપયોગ એટલે
મનમાં શું છે, રાગનો ઉપયોગ, દ્વેષનો ઉપયોગ,
જ્ઞાનનો ઉપયોગ, દર્શનનો ઉપયોગ, હરીભદ્રસુરી
મહારાજ કહે છે અહિંયા હું એનો પણ વાત-

નથી કરતો. હરીભદ્રસૂરી મહારાજને આપણે પુછીએ કે, તમે જ કહો કે ઉપયોગ શું છે ? અને હરીભદ્રસૂરી મહારાજ જવાબ આપે છે.

उवओगो पुण एत्थ विण्णेओ जो समीवजोगो त्ति

જે સમીપ યોગ હોય, એનું નામ ઉપયોગ ! ઉપનો અર્થ છે સમીપ. સંસ્કૃત શબ્દકોષનો અંદર તમે ઉપ શબ્દ જુઓ, સામે સમીપ લખ્યું હશે. ઉપ એટલે સમીપ. ઉપ એટલે નજીક, ઉપ એટલે નિકટ, યોગ એટલે તે તે ક્રિયા, તે તે અનુષ્ઠાન, જેવું અનુષ્ઠાન એવી ક્રિયા, જે મોક્ષ નજીક છે, એટલે કે ખુબ મોક્ષની નજીક આવી ગયો, પછી જે ક્રિયા મળી, એનું નામ ઉપયોગ !

હરીભદ્રસૂરી મહારાજ હજુ સ્પષ્ટતા કરે છે,

विहियकिरियागओ खलु अवितहभावो उ सव्वत्थ ।

જે ભગવાને કહેલી ક્રિયા, સામાયિક હોય, પ્રતિક્રમણ હોય, પૌષધ હોય, પડિલેહણ હોય, સંયમચર્યા હોય, કોઈપણ ધર્મ ક્રિયા હોય એની અંદર, ભગવાને કહ્યા મુજબ સંપૂર્ણ રહેલો જે અવિતથ ભાવ, શુદ્ધ ભાવ, સત્ય ભાવ, તથ્ય ભાવ,

AS IT IS કરવું, આનું નામ ઉપયોગ !
આનું નામ મોક્ષની નજીક ની ક્રિયા. આનું નામ-આસન્ન સિધ્ધિક પણું. અને હરિભદ્રસૂરી મહારાજ-આ છઠ્ઠા સુત્રમાં એની જ વાત કરી છે.

विधिना प्रवृत्तिः

સંસારની અંદર પણ જો તે ખેતી વગેરે ક્રિયા, વિધિપુર્વક કરાય તો જ એનું ફળ મળે. તમે-ગમે ત્યારે SEASON જોયા વગર વાવણી કરો છો. અને ગમે ત્યારે મન ફાવે ત્યારે પાણી-નાખો, જ્યારે બીજ બળી ગયું હોય, લણણીનો સમય થઈ ગયો છે ને તમે તમારી ધારામાં ને ધુનમાં રહ્યા કરો છો, તમને કંઈ પડી નથી, તીડોનું ટોળુ આવી ને પાક બધો સાફ કરી-જાય, ખેતરમાં ક્યાંક છીંડુ હોય ને પશુઓ-આવી ને બગાડી જાય. જ્યારે જ્યારે જે જે વિધિ કરવાની છે, હજુ OFF SEASON છે ને વાડ કરી ને જ્યારે ખેતર આખુ ભરેલું છે, ત્યારે વાડના ઠેકાણા ના હોય, સિંચન એના-સમયે ના કરો, લણણી એના સમયે ના કરો, તો એ ખેતીનું ફળ જેમ નામળે, જે રીતે કરવાનું છે એ રીતે ના કરો તો પણ એનું ફળ ના મળે.

Vedanta
READ | WRITE | GROW

બરાબર એ જ રીતે ધર્મ ક્રિયા પણ જે રીતે કરવાની છે, એ રીતે ના કરાય, અવિધિથી કરાય, તો પણ એનું ફળ ન મળે. આજે સમય થયો છે, આજે જાણ્યું રાજીએ.

24-10-2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના 49

ધર્મ બિંદુ ગ્રંથની અંદર પૂજ્ય હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ, પાંચમા અધ્યાયના સાતમા સુત્રમાં કહે છે,

आत्मानुग्रहचिन्तनम् ।

દીક્ષા થઈ ગઈ છે, નુતન દીક્ષીત મહાત્મા, સંયમ ભુવનમાં પા-પા પગલી ભરી રહ્યા છે, સંયમ ભુવનમાં આગળ વધવા માટે, જેને સંયમ સંજીવની કહેવાય, જેનાથી બધા જ ગુણ આવી જાય ને જેના-વીના બધું જ નિષ્ફળ જાય, તેથી એક અદ્ભુત-વાતી, હરીભદ્રસૂરી મહારાજ, આ સાતમા સુત્રમાં આપે છે,

आत्मानुग्रहचिन्तनम् ।

ગુરુ જ્યારે પણ કંઈ સારણા-વારણા કરે ટકોર કરે, પ્રેરણા કરે, ત્યારે શિષ્ય એટલું જ વિચારે, કે ગુરુએ મારા ઉપર કેટલો ઉપકાર કર્યો, ગુરુએ કેટલો-અનુગ્રહ કર્યો, આ જેનો ભાવ હોય, આનુ નામ-

आत्मानुग्रहचिन्तनम् ।

ઉત્તરાધ્યયન સુત્રના પહેલા જ વિનય અધ્યયનની અંદર, મહાવીર સ્વામી ભગવાન બહુ સ્પષ્ટ કહે છે,

जं मे बुद्धाणुसासंति सीएण फरुसेण वा ।

મને ગુરુદેવ નરમ વાક્યથી કહે કે, ગરમ વાક્યથી કહે, ઠંડા શબ્દોથી કહે કે ઉકળતા શબ્દોથી કહે,

મમ લાભોત્તિ પેહાડ પયઉત્તો તં પડિસ્સુણે।
એમાં મારો લાભ જ છે, એમાં મને ફાયદો જ છે, આવુ સમજીને શિષ્યએ અત્યંત કાળજી પૂર્વક, અહોભાવ પૂર્વક, ખુશી લેવા પૂર્વક, એ ગુરુના વચનો સાંભળવા જોઈએ.

આપણે ત્યાં બહુ સરસ મજાની કહેવત હતી,

## ગુરુની ગાળ, સોનાની નાળ !

ગુરુની ગાળ પણ સોનાની નાળ છે, કારણ કે એનાથી આપણું ભલુ જ થવાનું છે. અમારા ત્રિલોચન સૂરીશ્વરજી મહારાજ, વર્તમાન શ્રમણ સંસ્થાના ગણનાયકમાં છેલ્લેથી ત્રીજી ચોથી પેઢીએ બિરાજમાન એ મહાત્મા આચાર્ય છે, ગીતાર્થ છે, પાછળથી શ્રમણ ગચ્છાધિપતિ પણ થયા, એમના ગુરુદેવ યશોદેવસૂરીશ્વરજી મહારાજ, સરળતા ખુબ, ત્યાગ-વૈરાગ્ય ગજબનો, ગુરુભક્તિ, પ્રભુ ભક્તિ, ગજબની, અને સરળ માણસ હોય એ એમની પ્રકૃતિ મુજબ, સીધો ગુસ્સો કરી દે આવુ બને. શ્રાવકો વ્યાખ્યાનની વિનંતી કરવા આવ્યા છે, સાહેબ વ્યાખ્યાનમાં લાભ આપો, પધારો !

આ આટલું સારું વ્યાખ્યાન આપે છે ને મને કહો છો, એને લઈ જાવ. શ્રાવકો તો જોતા રહી ગયા કે, કેવી ગુરુની કૃપા છે ને ગુરુ પોતાની કરતા શિષ્યને મહાન ચિતરે છે, એને વ્યાખ્યાન કરવા મોકલે છે, ને ત્રિલોચનસૂરી મહારાજ, પગે લાગીને વ્યાખ્યાન કરવા ગયા, વ્યાખ્યાન કર્યું છે, પાછા આવ્યા છે, લેવા આવ્યા હતા એ શ્રાવકો પાછા મુકવા આવ્યા-છે, અને એ શ્રાવકો, હજુ તો આમ પગ મુકે છે ઉપાશ્રયમાં, ત્રિલોચનસૂરી મહારાજ આગળ પહોંચ્યા-છે, અને સ્તબ્ધ થઈ જાય એવા શબ્દો,

કુંભાર છો, કુંભાર નથી !

ખબર પડે છે કે નહિં, શ્રાવકો બધા સ્તબ્ધ થઈ ગયા કે હજુ તો, વ્યાખ્યાન આપવા પ્રેમથી મોકલ્યા-હતા, ને હજુ પગ મુકયો ને, સાહેબ આ શું બોલે છે અને ત્રિલોચનસૂરી મહારાજ હાથ જોડીને ગુરુદેવ પાસે આવીને ઊભા રહી ગયા, ને ગુરુદેવે ફરમાવી. અરે શું ફરમાવે, ખબરનથી પડતી આટલી,

શીવ કુંભાર જેવા છો !

ત્રિલોચનસૂરી મહારાજ કહે કે હે ગુરુદેવ મારી ભુલ
થઈ ગઈ. આપણને બધી ખબર પાડવામાં આવે
પછી પણ ખબર નથી પડતી, કે આપણી ભુલ થઈ.
ઈષુ એમને કશી કાંઈ વાતની ખબર નથી. કંઈ ગુનો
કર્યો હોય એવું કાંઈ ને કાંઈ લાગે નહિ. ઈષુ નો
વ્યાખ્યાન આપીને આવ્યા છે. હે ગુરુદેવ મારી ભુલ
થઈ ગઈ. હું કહું છું જ્યારે મોક્ષ થશે ને, ત્યારે
આ ભુમિકા વગર આપણો મોક્ષ થવાનો નથી. એટલે
બધો ઈષુ અંદર એટમ પડેલો છે ને, બીજુ-ત્રીજુ-
વાતો સાંભળવી આપણને ગમે છે. પાંડવોનું આત્મ-
થયું, તેમ થયું, બીલું આત્મ, ફલાણુ આત્મ, ઢીકણુ
આત્મ, ત્રિલોચનસૂરી મહારાજ નું NEGATIVE અને
POSITIVE દ્રષ્ટાંત, આપણા ગુરુ આપણને પંપાળી-
ને રાખે, સાચવી ને રાખે, આપણને ભાવ આપે.
આપણા વખાણ કરે, અને આપણને અનુકૂળ વર્તે,
ત્યાં સુધી જ આપણા ગુરુ, આવું કદાચ આપણે
અંદર નક્કી કરીને બેઠા હોઈએ છીએ. કદાચ -
જીવનમાં એવું કોઈ નિમિત્ત ન આવ્યું, ક્યાં
આપણે સમર્પણ ની કસોટી થાય, પરીક્ષા થાય,
ને ગુરુ- ગુરુ તરીકે રહ્યા એ ગુરુ હકીકતમાં -
બન્યા જ ન હતા, કારણકે આપણે બનાવ્યા જ ન હતા.

જેનું અહમ છે ઈગો અંદર, ઈગો નિષ્ઠુરતા છે, કઠોરતા છે. ACTUALLY છે ને, એક વ્યવહાર છે કે આપણે પાટ ઉપર બેઠેલા ગુરુને નીચે રહીને-વંદન કરીએ છીએ, ઊંડે ઊંડે ક્યાંય એ જ ગણિત રમે છે કે પાટ ઉપરનો આપણે જ હોઈએ ને વંદન તો ગુરુ એ જ આપણને કરવાનું છે કારણ કે, આપણે જ બસ ગુરુ છીએ. આપણે કહેશું કદાચ ના સાહેબ આવું કદી નથી વિચારતા, જેણે જેમનું માની લેવાનું હોય, જેણે જેમનું કહ્યું કરવાનું હોય, જેનું જ ચાલે એમ હોય, જેનું આધિપત્ય હોય એ-ગુરુ નહિ તો બીજા કોણ ગુરુ હોય શકે?
આપણે જ આપણું ચલાવવાનું છે. આપણું ધાર્યું-કરવાનું છે, આપણા ઉપર આપણું જ આધિપત્ય-છે, તો આપણે જ આપણા ગુરુ છીએ, ને કહેવાના ગુરુ પણ ત્યાં સુધી જ ગુરુ રહેશે, કે એ જ્યાં સુધી આપણું કહ્યું કરશે. એ આડા તેડા થાય, આઘા-પાછા થાય, એટલે

## એમના પર મારવી ચોકડી!

ત્રિલોચનસૂરીજી મહારાજ, એમના વચનની કેટલી-

વાતો, ગુરુદેવે એમને કહી, ગુરુદેવે નજર સામે
બેઠેલી વાતો કહી, ગોચરી માંડલી નો અંદર પચાસ
સાધુઓ હોય, પ્રેમસૂરીજી મહારાજ, યશોદેવસૂરી-
મહારાજ ભેગા થયા છે, આનંદ આનંદ છે. ત્રિલોચન
સૂરી મહારાજ એટલે, ગૌતમસ્વામી કલિકાળના -
કહેવાય, એવી પરિણતિ, એવો વિનય, એવું -
સમર્પણ, અને પર્યાય મોટો, બધા ના વડિલ,
યશોદેવસૂરી મહારાજના પણ મુખ્ય શિષ્ય, પ્રેમસૂરી-
મહારાજ જેમની અનુમોદના કરે એવા શિષ્ય!
અને પચાસ સાધુ વચ્ચે, ત્રિલોચનસૂરી મહારાજે-
એમના પાત્રા વસ્તુ નાખી દીધી, જે વિશિષ્ટ હતી,
એમને વાપરવી ન હતી. એમને ખબર કે ચોક્ખાઈમાં
મુકશું તો કોઈ ને આપી દેશે, અને આમ -
અપાય નહિ બીજા ને એમને આપી તો એ વાપરી
જશે, માટે ધોડ દઈને નાખી દીધું હોય અંદર,
અને યશોદેવસૂરી મહારાજ નો જે પુણ્ય પ્રકોપ અને
જે ધડાકો થાય, અને બધાનું વાપરવાનું બંધ થઈ
જાય ને બધા સ્તબ્ધ થઈને બેઠા હોય ને ધરતી
ઉપર ન્હાઈ ગયા હોય, ને બધાને થાય કે હવે-
ગુરુ શિષ્યમાં તિરાડ પડી જવાની, હવે બંને ભેગા
નહિ રહે ને હવે કહાય ત્રિલોચનસૂરી મહારાજ પણ

ગુસ્સે થશો, ને કદાચ ધ્રુસકે-ધ્રુસકે રડશો, ગુરુ-શિષ્ય વચ્ચે, કાયમનું અંતર થઈ જશે, આવી-કોઈક કલ્પના જાણે મનની અંદર રમતી હોય, અને ત્રિલોચનસૂરી મહારાજ બસ જાણે મિચ્છામિ-દુક્કડં, મિચ્છામિ દુક્કડં, મારી ભુલ થઈ, મિચ્છામિ દુક્કડં, અને ભુલ શું છે તો ગુરુની ભક્તિ કરી-એ ભુલ !

કોઈ આપણા ઠેકાણા નહિં, સંયમ-નહિં, શાસ્ત્ર નહિં, પરિણતિ નહિં, એવું સમર્પણ-નહિં, એવી યોગ્યતા નહિં, એવા ગુણો નહિં, એવો આદર્શ નહિં, અને એ મહાપુરુષ જેમની અંદર બધુ જ હતું, એમની અંદર બિલકુલ અભિમાન ન હતું, આપણી આગળ કંઈ ઠેકાણા નહિં અને આપણા-અભિમાનનો પાર નહિં. આ ભુમિકા લાવો. બહુ સરસ મજાની વાત શાસ્ત્રકાર ભગવંતો એ કરી,

तृणादपि सुनीचेन भवितव्यम्।

તમે નીચા થજો, તમે નીચા થજો, બીજા સાધુ-થી નહિં, બીજા માણસથી નહિં, બીજા રસ્તે-રખડતા ભિખારી કરતા પણ નહિં, કુતરા-બિલાડા કરતા પણ નહિં, ઘાસનું તણખલુ હોય, રસ્તા પરનો

ધૂળ હોય, એનાથી પણ નાના ને નીચા તમે થશો. તો તમારું ઉત્થાન થશે. આપણે એક યુદ્ધ-આપણે અનાદિકાળથી છોડી શકતા નથી, કે-મારે મોટા થવું છે, મારે આગળ આવવું છે, મારે ઉપર બેસવું છે, મારે ગુરુ થવું છે, મારે મારું ધાર્યું કરવું છે, અને આ એક યુદ્ધના કારણે આપણી કેટલી આરાધના નિષ્ફળ ગઈ, એનો વિચાર-આપણને આવતો નથી.

**સભાનો પ્રશ્ન:** આપણે આગળ આવવું છે, આવું સાવ નહિ વિચારવાનું, યુદ્ધ કદાચ કરવી એ બરાબર નથી, પણ વિચારવું પણ નહિ ?

**પૂજ્યશ્રીનો ઉત્તર:** દસવૈકાલિક આગમમાં આ-સવાલનો જવાબ આપ્યો છે,

नीयं सेज्जं गई ठाणं नीयं च आसणाणि य।
नीयं च पाए वंदिज्जा नीयं कुज्जा य अंजलि ॥

જો તમારે ખરેખર આગળ આવવું છે, તમારે જો ખરેખર ઉપર આવવું છે, ખરેખર જો તમારે ઉપર બેસવું છે, તો તમે નીચામાં નીચા થતા શીખી જાવ.

નીચે નમારી સંથારો રાખજો, નીચે આસન રાખજો, નીચા નમીને અંજલી કરજો, નીચા નમીને ગુરુના ચરણોમાં પડજો, તો તમારુ કલ્યાણ થશે. ઉપર આવનારા પછડાટ ખાય છે. નીચે ઝુકનારા નાત્વિક ઉત્થાન પામે છે.

## ગુરુ થવા જનાર, શિષ્ય પણ થઈ શકતા નથી!

શિષ્ય થાય છે તે અવશ્ય ગુરુ થાય છે. ઝુકશો એ ઉપર ચડશો. અક્કડ રહેશો એ પડી જશો. હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

आत्मानुग्रहचिन्तनम् ।

ત્રિલોચનસૂરી મહારાજ કહે છે, મારી ભુલ થઈ, મને માફ કરો. અમે ગુરુદેવને કહ્યું કે આવી વાત શું હતી જે તો અમને કહો. એમની ભુલ કઈ હતી. અને ગુરુદેવે કહ્યું કે ભુલ આટલી હતી. ટપાલો આવી હતી. એ વ્યાખ્યાનમાં જતા પહેલા આપીને જવાનું હતું. અને ગુરુદેવે વ્યાખ્યાનમાં જવાનું કહ્યું અચાનક અને એ ટપાલો આપીને ના ગયા. ટપાલો એમની જ્યાએ રહી ગઈ હતી. આટલી ભુલ હતી.

સવાલ ભૂલ નાની - મોટી છે, સમાધિ કેવી રીતે રહે, મોટી ભૂલ હોય તો ઠપકો મળે ને સમાધિ રહે, ને નાની ભૂલ હોય તો સમાધિ ના રહે, એવો છે જ નહિં, સવાલ ભૂલ નાની - મોટીનો નથી, સવાલ આપણે, આપણને નાના માનીએ છીએ કે મોટા માનીએ છીએ, એ લાખ રૂપિયાનો સવાલ છે, મોટા માનીએ છીએ તો આગળ વધવા માટે આપણે નાલાયક છીએ, નાના માનીએ છીએ તો આગળ વધવાની બધી જ શક્યતાઓ ઉભી છે.

નાના બનવાનો પ્રયાસ કરશે !

આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

x x x x



Vedanta READ | WRITE | GROW

25.10.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૫૦

ધર્મબિંદુ ગ્રંથમાં પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, પાંચમા અધ્યાયના આઠમા સુત્રમાં કહે છે,

व्रतपरिणामरक्षा ।

હરીભદ્રસૂરી મહારાજ, એક પછી એક, એવી ચાવીઓ આપી રહ્યા છે કે જે એક એક ચાવી, સંયમ-જીવનનું સર્વસ્વ છે. સંયમ શું છે ? ચારિત્ર શું છે ? ક્રિયા એ સંયમ નથી પણ સંયમની અભિવ્યક્તિ છે, એવું નિશ્ચય નય કહે છે. દેશ-વિરતિ કે સર્વ વિરતિ, હકીકતમાં એની વ્યાખ્યા શું ? હરીભદ્રસૂરી મહારાજ લલિત વિસ્તરા ગ્રંથમાં કહે છે,

तथाविध आत्मपरिणाम

એ દેશ વિરતિ છે,

तथाविध आत्मपरिणाम

એ સર્વ વિરતિ છે,

अणुव्रतादि प्रतिमा० व्यङ्ग्यः
साधुधर्माभिलाषातिशयस्वरूपः ।

હરીભદ્રસૂરી મહારાજ કહે છે, અણુવ્રતો વગેરે હોય, શ્રાવક જીવનના વિશિષ્ટ અભિગ્રહો જેને પ્રતિમા કહેવાય, એ હોય. સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ વગેરે વગેરે હોય, એનાથી જે અભિવ્યક્ત થતો,

साधु धर्मनी तीव्र अभिलाषा स्वरूप जे, आत्म परिणाम એનું નામ શ્રાવકધર્મ! એટલે શ્રાવક ધર્મનો સીધો અર્થ છે આત્મ પરિણામ! એ આત્મ-પરિણામ છે એ શેનાથી ખબર પડે, સામાયિક-આદિ ક્રિયાઓથી ખબર પડે, સાધુ ધર્મ માટે કહ્યું, કે જેની સામાયિક એટલે કે આજીવન સમતાની પ્રતિજ્ઞા, સાવદ્ય પ્રતિજ્ઞા, મહાવ્રત વગેરે છે, એની સાધે,

सर्वसत्त्वहिताशयामृतपरिणामः साधुधर्मः।

બધા જ જીવોનું હિત થાય, એવો જે અનુશય-આત્મ પરિણામ, એનું નામ સાધુ ધર્મ. હરી-ભદ્રસૂરી મહારાજ ને પુછ્યું કે અમારી વ્યાખ્યા-ઓ જુદી છે, આપ બધું પરિણામ પરિણામ માં ઘટાવી રહ્યા છો, અને હરીભદ્રસૂરી મહારાજ લલિત વિસ્તરા ગ્રંથમાં આટલું કહીને આગળ વધે છે,

क्षायोपशमिकत्वात्

કારણકે, ધર્મ હકીકતમાં શું હોય છે ?, જે ક્ષાયોપશમિક તત્વ, જે ક્ષાયોપશમ થી પ્રગટેલું-કર્મોના આત્મ સ્વભાવ, એનું નામ તાત્વિક ધર્મ.

સંયમ જીવનનું કોઈ હોય, તો એ છે,
સર્વસત્વહિતાશય

બધા જ જીવોનું હિત થાય, એવો આશય એ આશય-નો આધાર હોય, તો એ છે મહાવ્રતો ની રક્ષા, હરીભદ્રસૂરી મહારાજ કહે છે, દીક્ષા લીધા પછી-દીક્ષીતે સર્વ પ્રયત્નથી પોતાના ચારિત્રના પરિણામ ની રક્ષા કરવી. મહાત્મા ને અપવાદ ની પણ-જરૂર પડે, અને વિરાધના કરવાનો પ્રસંગ આવે ત્યારે કૂર હઈને વિરાધના કરવી નહિ, આગમની અંદર વિધિ બતાડી, મહાત્મા માંદા છે, એમને-કોઈ ODD વસ્તુ ની ખપ છે, જે GENERALLY ક્યાંય બને નહિ, અને સામાન્યથી ખ્યાલ છે કે-બોઈ આ વસ્તુ, આમ મળે એવી નથી, મોંઘી છે, કારણ છે, અપવાદે વિરાધના કરવી પડે, એવું પણ છે, પણ કૂર હઈને વિરાધના ના કરવી, - આગમમાં કહ્યું, પહેલા નંબરમાં જે ગ્લાન મહાત્માની સેવા કરતા હોય, એમણે એ વિસ્તારની અંદર, ગોચરી માટે નીકળવું ઘરો ની અંદર ગવેષણા કરવી સહજ થઈ લેવું, વિનતી કરે સાહેબ આ-આ છે, સહજ થઈ લેવું એ શક્ય છે કે નહિ, બધે ફરીને એ મહાત્મા આવી ગયા, એ વસ્તુ મળી જ

Vedanta
READ | WRITE | GROW

નહિ. પછી શું કરવું (?) હવે કોઈ શ્રાવકને ORDER આપી દેવો, કોઈ ઘરમાં જઈને કહી આવવું કે આ જશ જોઈએ છે આ બનાવી દેજો, એમ નહિ. આગમમાં બતાડ્યું, પછી બીજી વાર મહાત્મા નીકળે, પછી બીજું CIRCLE લગાડે, બીજા ઘરોની અંદર જાય, અને ગવેષણા કરે, વસ્તુ છે કે નહિ, હજુ નથી મળ્યું, ત્રીજી વાર ગવેષણા કરે ને પછી જો ન મળે, તો શું કરવું, આગમમાં બતાડ્યું.

પંચકાપરિહાણ્યા યતેત ।

પછી શું કરે (?) પુછવા રૂપ હોય કે આ વસ્તુ હશે, શાસ્ત્રોમાં તેતે દોષની POWER બતાડ્યો કે આમાં આટલો દોષ છે, આમાં આટલો દોષ છે, આમાં આટલો દોષ છે, આમાં આટલો દોષ છે, દોષ છે એ હવે લગાડવો જ પડે એમ છે, બીજો કોઈ હવે વિકલ્પ જ નથી તો જે MINIMUM દોષ વાળો વિકલ્પ છે, બેતાલીસ દોષમાં અમુક દોષમાં ઓછો દોષ છે, અમુક દોષ માં વધારે દોષ છે, ઉત્કૃષ્ટ દોષ ત્યારે આવે જ્યારે SPECIALLY અમારા માટે જ બન્યું, જેને આધાકર્મી કહેવાય. આગમમાં જે રીતે વિધિ બતાડી કે પહેલા MINIMUM દોષ લાગે એમ મળે તો વહોરી લે. પછી બીજા નંબરમાં -

એનાથી થોડોક વધારે દોષ લાગે, જે રીતે મળતુ હોય તો જે રીતે લે અને છેવટે એ રીતે શક્ય જ નથી, મહાત્મા ગ્લાન છે, તો શ્રાવકને નિરવદ્ય ભાષામાં વાત કરીને કે ભાઈ આ રીત નો ખપ હતો ને મહાત્મા માંદા છે ને, ઉપયોગ થાય ન કહેવાય એવી વાત નથી. પણ ત્યાં સુધી - પહોંચવા માટેની આખી વિધિ બતાડી. અને આ વિધિનું હાર્દ શું ?

## વ્રત પરિણામ રૂપ !

માત્ર ગોચરીની વાત નથી, જીવનમાં ક્યાંય પણ - કોઈપણ બાબતમાં, કોઈ પણ વસ્તુના ખપની બાબતમાં કોઈપણ ઘટનાની બાબતમાં, કોઈ પણ વ્યવહારની બાબતમાં, કોઈ પણ અપવાદ માર્ગની આચરણાની બાબતમાં, આ વિધિ બતાડી કે તમે, કે ભાઈ ચાલો આપણું ઘર બળી રહ્યું છે ને બચાવી શકાય એમ તો નથી, તો હવે વેભાગ નથી બળતો એને પણ બાળી નાખો. એનો અર્થ એ છે કે તમને ઘર પ્રત્યે લાગણી જ નથી. મહાવ્રત, અહિંસા-વ્રત, નિર્દોષ ગોચરી, અથવા ૪, ૫, ૨, એના રૂપે

કઈપણ એ સંપૂર્ણ પણે સચવાય એમ નથી, અને એમાં કંઈક દોષ લાગે જ એમ છે, તો ત્યાં ન્યાય આવે છે

सर्वनाशे समुत्पन्नेऽर्धं त्यजति पण्डितः।

જે બુદ્ધિશાળી છે, જે સમજદાર છે, એ શું કરે? કે ભાઈ જે ન છૂટકે છોડવું પણ, એટલું જ છોડે,

अर्धेन कुरुते कार्यं सर्वनाशो हि दुःसहः।

પછી એ અડધાથી કામ કરી લે, પણ બધું જ જતું રહે, બધાનો નાશ થાય, એ તો અત્યંત દુષણ વસ્તુ, અસહ્ય વસ્તુ છે. આવો શાસ્ત્ર સિદ્ધાંત, એને પણ ઉત્સર્ગ-અપવાદની આચરણામાં પણ-લગાડવાનો છે, કે ભાઈ જે રીતે ઓછામાં ઓછો દોષ લાગે, એ રીતે કરવું, તો એનાથી વ્રત-પરિણામ-ની રક્ષા થશે. ફિર દાદાએ સીધો છેલ્લો STEP લીધો, એનો અર્થ મારામાં વ્રત પરિણામ છે નહિં, અથવા તો હશે, તો આવી STEP લેવાથી એ પરિણામ સચવાશે નહિં.

ગાંધીજી ની પાસે, કોઈ સંન્યાસી આવ્યા, એમણે કહ્યું કે મારે આ સાબરમતી આશ્રમ-માં રહેવું છે, તમે જે સેવા કહો છો એ મારે કરવી

છે. અને તમે મને ઓફો આપી હું પણ બધાની
સેવા કરીશ, રક્તપિતિયા હોઈ હોય, આશ્રમના પ્રશ્નો -
હોય, આશ્રમની સફાઈ હોય, જે કંઈપણ હોય એમાં
મારે જોડાવું છે અને તમે મને રાખો. અને ગાંધીજી
એ કહ્યું કે તમારે એ સેવા કરવી હોય તો તમારે -
આ ભગવા છોડવા પડશે. સંન્યાસી ને આઘાત -
લાગ્યો, સન્યાસી એ ગાંધીજી ને કહ્યું કે આ તો હું
કઈ રીતે છોડી શકું. આ તો મેં વ્રત લીધું છે,
સંન્યાસ લીધો છે, હું આ કઈ રીતે છોડી શકું ?
ગાંધીજી એ એમને સમજાવ્યું કે ભાઈ તમારે સેવા
કરવી છે ને તમે એ આ કપડા રાખશો તો લોકો
તમારી જ સેવા કરવા લાગશે. અને પછી તમારી
સેવાની ઝંખના પુરી નહિ થાય, મારે ભગવા -
સાથે કોઈ વાંધો નથી, કંઈ ખોટું એ નથી, મારું
કારણ આટલું જ છે. ગાંધીજી એમની સમજ મુજબ.
અને પેલા સંન્યાસી એમની સમજ મુજબ કે હું
બધાની સેવા કરું.

જિનશાસન એ બહુ જ સ્પષ્ટ છે !

એક મહાત્માથી BY CHANCE

Vedanta
READ | WRITE | GROW

ભુલે ચુકે, રસ્તે ઘાસના કીડી કચડાઈ ગઈ, કોઈ પંચેન્દ્રિય જીવ ઉપર પગ પગ આવી ગયો, કદાચ વિરાધના પણ થઈ, એનું પ્રાયશ્ચિત આવે. એ મોટું હોય કે નાનું હોય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ-જોઈને ગીતાર્થ ગુરુ ભગવંત આપે, જે મહાત્માને ચારિત્રનો પરિણામ જતો રહ્યો, દીક્ષા છોડવાનું મન-થયું, વસ્ત્ર એમણે પરિવર્તન કરી લીધા, કપડા એમણે બદલી લીધા, ધારોકે! આવી ઘટના ઘટી, કલાક-અડધો કલાક પછી એમને પસ્તાવો થયો કે આવું અમુલ્ય ચારિત્ર, હું ક્યાં છોડવા ગયો. બહુ મેં ખોટું કર્યું, બહુ મોટી ભુલ થઈ ગઈ, હજુ તો હું ઉપાશ્રય ની બહાર નથી નીકળ્યો, અથવા હજુ તો હું ઉપાશ્રય ની બાજુમાં જ છું, હું જઉં ગુરુદેવ પાસે ને કહું કે બસ મારે દીક્ષામાં આવી જવું છે, એમને શું કરવાનું ? એમણે હજુ કીડી મારી નથી, ઉંદર-માર્યો નથી, કોઈ વિરાધના સુધ્ધા થઈ નથી, એ કોઈ વાહનમાં પણ બેઠા નથી, એક પણ ગૃહસ્થ કરે એવું પાપ એમણે હજુ સુધી કર્યું નથી, પણ એમણે વેષ છોડ્યો, એમના ચારિત્રના પરિણામ જે ગયા. હવે એ ચારિત્રના પરિણામ ગયા પછી, એમને એમ વેષ પાછો આપીને, એમને એમ નમે પાછા સાધુ

અને નમારો પાછળનો પર્યાય પણ CONTINUE અને અડધો- એક ઠલોક જે થયું એનું આ-પ્રાયશ્ચિત, શાસ્ત્રીય રીતે આવું થાતે નહિ. કોઈ વિરાધના ન કરી હોવા છતા, ચારિત્રનું પરિણામ-જે વ્યહવાર અને નિશ્ચય બંને રીતે ગયો એમ સાબિત થાય, અને પા- અડધો ઠલોકની ઘટના હોય, એ મહાત્મા નો પૂર્વ પર્યાય CUT થાય, અને એ મહાત્મા ને નવે સરથી દીક્ષા આપી, નવે સરથી ભેગ-કરાવવા પડે, આવો ઉત્સર્ગ માર્ગ છે.

## જૈન પરિણામ રેખા !

સાથે ગોચરી વગેરે ના સંદર્ભમાં એવો અપવાદ-પણ બતાડ્યો કે, આગાઢ કારણ કે, મહાત્મા ત્યાં સુધી રહી શકે એમ નથી, અથવા તો એમની-સેવામાં એવા સાધુ નથી, સાધુ પણ વૃદ્ધ છે, ત્યારે આવી ત્રિપરીપથી યતના, ત્રણ વાર ગોચરી બધે ફરવાનું ને પછી જ એક STEP નીચે ઉતરવું, પછી ફરી એક STEP, પછી ફરી એક STEP, વારંકે એવી શક્યતા જ નથી, અને એવા આગાઢ કારણને લીધે એ છેલ્લા STEP પર જાય, તો પાછા



Vedanta
READ | WRITE | GROW

એ નિર્દોષ કહેવાય, એ અપવાદ માર્ગ કહેવાય, અપરાધ ના કહેવાય. કારણકે જ્યારે શક્ય જ નથી, ત્યારે એવું કરવામાં પણ પ્રન પરિણામની રક્ષા - નથી થતી. વાત સમજાય છે, તમને ?

બધું જ સંયમ, સમગ્ર સર્વ વિરતિ-માર્ગ, ઈત્તરો વિધાનો, ઈત્તરો નિષેધો. આ બધાનું હાર્દ કંઈ હોય, તો એ પરિણતિ ની રક્ષા છે, પરિણતિ ની રક્ષા માટે ભગવાને ઈત્તરો-લાખો શ્લોક-પ્રમાણ સાહિત્ય, જે અર્થ રૂપે કહ્યું, ગણધરો એ - ગુંથ્યું, પૂર્વાચાર્યોની પરંપરાથી આપણા સુધી આવ્યું, એ સમગ્ર ઈત્તરો-લાખો શ્લોક પ્રમાણ સાહિત્યનું હાર્દ કંઈ હોય તો એ પરિણતિ ની રક્ષા, હરિભદ્ર-સૂરી મહારાજ કહે છે. કોઈ પણ હિસાબે પ્રન-પરિણામ ની રક્ષા તમે કરજો. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

x x x x